
## હૃદયને ગાતા ગીતો

ધીમે ધીમે યે ઉજાલે




ધીમે ધીમે યે ઉજાલે એ, યે સિતારો કા સમા
દિલ કો છૂ જાયે (2) કોઇ ખ્વાબ સુહાના જૈસે
જમ ગઈ હૈ તેરી ખૂશ્બુ, તેરી પાયલ કી સદા
થમ ગયા હૈ(2) તકને કો, જમાના જૈસા
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ (2)
યે મેરે દિલ કી તડપ(2) મેરા લહુ કા નગ્મા
તેરી સાંસો કે ધડકતે હુએ પૈગામ સે હૈ(2)
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સેહૈ,
યે હસીન રાત, યે હસીન રાત
મુઝકો હલકે મેં લિયે લેતી હૈ બાંહે તેરી (2)
કહેકશાં આજ મેરે ગીર્દ સરે શામ સે હે, સરે શામ સે હૈ (2)
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ
યે હસીન રાત, યે હસીન રાત
મેં ના ચાહું ભી તો યે ઝુલ્ફ ખૂલી જાતી હેએ (2)
દૂર કીસ દિન મેરા સૈયાદ મેરેદામ સે હૈ (2)
અપના સર તુ મેરે શાને પે ઝૂકા રહેને દે(2)
ઈશ્ક બેતાબ સહી હુશ્ન તો આરામ સે હૈ(2)
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ
યે હસીન રાત, યે હસીન રાત
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ (2)
યે હસીન રાત, યે હસીન રાત
યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ
યે હસીન રાત, યે હસીન રાત

**ગીત:** કૈફી આઝમી **સ્વર:** લતા મંગેશકર, યેસુદાસ **સંગીત:** ખૈયામ **ફિલ્મ:** મજનૂમ (અપૂર્ણ) **દિગ્દર્શક:** કમાલ અમરોહી વર્ષ: 1979 **કળાકારો:** રાજેશ ખન્ના, રાખી, રાજકપૂર

રાજેશ ખન્નાએ 'મજનૂન'નું મુહુર્ત મહેબૂબ સ્ટુડિયોમાં કરેલું અને બાન્દ્રા સ્ટેશનથી મહેબૂબ સ્ટુડિયો સુધી જતા રસ્તા પર 'મજનૂન'ના બેનર લગાડેલા. કમાલ અમરોહી હોય એટલે મુસ્લિમ સલ્તનતી ભવ્યતા ભરી કથા હોય અને તેમાં એક કલાસિક સ્પર્શ હોય. 'પાકિઝા' પછીની ફિલ્મ હતી અને નિર્માતા ભલે રાજેશ ખન્ના હતા પણ ડિમ્પલના પિતા ચુનીભાઈ કાપડિયાનું રોકાણ હતું અને 'આશીર્વાદ ફિલ્મ્સ' હેઠળ 'મજનૂન' બનવાની હતી. કમાલ અમરોહીના દિગ્દર્શનમાં રાજેશ ખન્ના, રાખી જ નહીં રાજકપૂર પણ પહેલીવાર કામ કરવાના હતા. પણ અમરોહી હોય તો માનવું કે એ ફિલ્મ ગમે ત્યારે અટકી શકે, ગમે તે કારણોથી અટકી શકે. ગુરુદત્તથી માંડી શેખરકપૂરે કેટલીય ફિલ્મોની યોજના બનાવી, શૂટિંગ પણ થયા હોય પણ પછી ન બને તો ન બને. રાજકપૂર પણ ઘણી ફિલ્મોની યોજના બનાવતાં પણ તે મનોમન આખી યોજના પુરી થયેલી અનુભવે. સંજોગો યોગ્ય લાગે ત્યારે જ શરૂ કરે. અમરોહી સાથે ફિલ્મ શરૂ કરવામાં રાજેશ ખન્ના ફસાય ગયા. જો કે થોડું શૂટિંગ થયેલું અને ખૈયામે ગીતો પણ બનાવી દીધેલા. કૈફી આઝમી અને (પછી તેમના વેવાય થયા તે) જાં નિસાર અખ્યરે ગીતો લખેલા. અમરોહી માટે લતાજી સ્થાયી ગાયક હતા બાકી પુરુષ ગાયકો બદલાતા રહેતા. 'મજનૂન'નું આ ગીત લતાજી અન યેસુદાસે ગાયું છે. પરદા પર રાજેશખન્ના અને રાખી છે. ભવ્ય સેટ્સ છે અને એક મોટા સ્તૂપ સમા સ્થાને પ્રેમગીત ગવાય છે અને નીચે થોડી નૃત્યાંગના નૃત્ય કરી રહી છે. (યુટયૂબ પર આ ગીત જોવા સાંભળવા મળશે)

બે પ્રેમીઓનું મિલન થયું છે અને એ મિલનને સ્વપ્નમય બનાવી દે એવો માહૌલ છે. પ્રેમીઓને હંમેશા પ્રકૃતિ વચ્ચે મળવું ગમે છે કારણ કે ત્યાં પ્રકૃતિના વિરાટ તત્ત્વ વચ્ચે પોતાના પ્રેમનો અનુભવ પણ વિરાટ બની શકે છે. 'ધીમે ધીમે યે ઉજાલે યે સિતારો' કા સમા, દિલ કો છૂ જાયે કોઇ ખ્વાબ સુહાના જૈસે..' પ્રેમીઓને સાંજને મધુર અને માદક બનાવે એવા ઝાંખા ઝાંખા અજવાળા છે. મતલબ બંને બધાની વચ્ચે એકમેકમાં એક થઈ શકે એવી સાંજ ઊતરી છે અને તારાઓથી ભરેલું આકાશ છે. (પ્રીઓના) હ્દયને જાણે કોઇ સુંદર શમણું સ્પર્શી રહ્યું છે. બે જ પંકિતમાં જાણે એક વિરાટ કલ્પન સાથે પ્રેમીઓના મિલનની ક્ષણને આલેખી દેવામાં આવી છે.

આ એવી ક્ષણો છે કે જાણે બધું થંભી ગયું છે આ પ્રેમીઓ માટે 'જમ ગઇ હૈ તેરી ખૂશ્બુ, તેરી પાયલકી સદા/થમ ગયા હૈ તુઝે તક ને કો જમાના જૈસે...' તારી ખૂશ્બુ જામી ગઈ છે. ખૂશ્બુ તો હંમેશા તરલ છે, તે જામે નહીં પણ પ્રેમીઓનું આ મિલન એવું છે કે જાણે તે પણ જામી ગઈ છે, તારા પાયલની ધ્વનિ, તેની ગુંજ પણ જામી ગઈ છે. અરે, એટલું જ નહીં, પેલો પ્રિયતમ તેની પ્રિયતમાના અનુપમ સૌંદર્યની પ્રશસ્તિ કરતા કહે છે કે તને તાકવા માટે જાણે આખો જમાનો થંભી ગયો છે. આ બે પંકિત પછી પેલો પ્રિયતમ કહે છે, 'યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ...' આ હસીન રાત તો જાણે પહેલેથી જ તારા નામે કી દેવાયેલી છે. આ રાત તને સમર્પિત છે.

આ એક યુગલ ગીત છે. હવે વારો પ્રિયતમાનો છે. તે ગાય છે, 'યે મેરે દિલ કી તડપ, મેરા લહુકા નગ્મા/ તેરી સાંસો કે ધડકતે હુએ પૈગામ સે હે.... આ હ્દયની તડપ, મારા લોહીનું ગીત તારા શ્વાસોના ધડકતા રહેતા સંદેશાઓથી છે. આ થયો સાદો ભાવાનુવાદ પણ હકીકતે તો બન્ને વચ્ચે જે તીવ્ર સાયુજય રચાયું છે તેનું કથન છે. પિયતમ પાસે છે તો પણ પ્રિયતમા તડપી રહી છે કારણ કે પ્રેમીઓ મિલન વખતે પણ મિલનની અધૂરપતા અનુભવતા હોય છે. તે કહે છે કે મારા લોહીનું ગીત તું છે, તારા શ્વાસોના ધડકતા સંકેતોથી છે. પ્રિયતમ મળે તો લોહી નગ્મામાં ફેરવાય જાય. શરીરની અનુભૂતિઓ બદલાય જાય. પ્રિયતમનો દરેક શ્વાસ, શ્વાસનો દરેક ધબકાર પ્રિયતમાની ભીતર જાણે એક એવી અનુભૂતિ સર્જે છે જે બધું રૂપાંતરીત કરી નાંખે છે. પ્રિયતમ હવે વધુ જવાબ નથી આપતો ફકત એટલું જ કહે છે, 'યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હૈ, યે હસીન રાત, યે હસીન રાત...'


આમ આ છે તો યુગલ ગીત પણ વધારે તો પ્રિયતમાએ કહેવું છે, 'યુઝકો હલફે મેં લિયે લેતી હૈ બાંહે તેરી/કહેકશાં આજ મેરે ગીર્દ સરે શામસે હૈ... 'પ્રિયતમના હાથમાં હોવું એટલે શું તે હવે તે કહી રહી છે. કહે છે, તારો હાય જ જાણે સોગંદ બની જાય છે, સાક્ષીવચન બની જાય છે. મને કોઇ બીજા સોગંદની જરૂર નથી. પ્રિયતમના હાથ પર હોવું, પ્રિયતમના આલિંગનમાં હોવું એ પોતે જ પ્રેમનું વચન છે. જે પ્રેમમાં હોય તે વાણી વિના ફકત ચેષ્ટામાં વ્યકત ભાવ પામી લે છે. તે કહે છે દૂરની આકાશગંગા, દૂરનાં તારાઓનો એ સમુહ જે વાદળ જેવો દેખાય છે તે જાણે મને આજે સાંજથી લપેટાયેલો છે. કૈફી સાહેબ કલ્પનથી પ્રેમના તત્ત્વને પ્રકૃતિ સાથે વ્યકત કરે છે. ફરી પ્રિયતમ તો એટલું જ કહેશે, 'યે હસીન રાત તો મનસુખ તેરે નામ સે હૈ...' પણ આ મિલનમાં પ્રેમી તો જાણે પ્રિયતમાની બૌછાર ઝીલે છે ને કહે છે તો પ્રિયતમા જ કહે છે. 'મેં ના ચાહું ભી તો યે ઝુલ્ફ ખૂલી જાતી હૈ... દૂર ીસ દિન મેરા સૈયાદ મેરે દામ સે હૈ...' બે સાથે હોય ત્યારે કશુ અકરણ નથી થતું અને કારણ શધી શકાતા નથી. પ્રિયતમા કહે છે હું ન ઈચ્છું તો પણ મારા વાળ ખૂલી જાય છે. હકીકતે તો આ વધુ ગાઢ થતી નિકટતાના સંકેત છે. તે ઉમેરે છે મારાથી દૂર કયારે મારો શિકારી છે. પ્રેમમાં એકબીજાના શિકાર થવાની દાહક ઝંખના હોય છે. આવ,મને તારામાં નષ્ટ કર. પાસે હોય ત્યારે કામભાવ જાગે અને એકબીજાનાં થવાની ભડકેલી આગ એજ હોય છે.

પ્રિયતમ પાસે હવેબીજો ઉત્તર શું હોય ? તે કહે છે, 'અપના સર તુ મેરે શાને પે ઝૂકા રહેને દે/ ઈશ્ક બેતાબ સહી, હુશન તો આરામ સે હૈ...' 'તારું મસ્તક મારા ખા પર ઝુકેલું રહેવા દે. ઈશ્ક બેતાબ હશે પણ હુશન તો આરામમાં છે. પ્રેમ અને સૌંદર્યનો અહીં ભેદ છે. પ્રેમ તો સંવેદન છે તે બેતાબ હોય શકે પણ સૌંદર્ય તો તેનામાં આરામથી છે. 'યે હસીન રાત તો મનસુબ તેરે નામ સે હે...

કૈફી આઝમી પ્રેમનું મનોવિજ્ઞાન, પ્રેમીઓનાં મિલનવેળાની અનુભૂતિનું મનોવિજ્ઞાન બહુ સૂક્ષ્મતાથી પકડી શકતા. લતાજી અને યેસુદાસન સ્વરમાં આ પ્રેમ-ગીત તેની ભાવોત્કટતાથી પ્રગટે છે. ખૈયામ વાંસળી, સંતુર અને તબલાના શાંત પ્રયોગથી એ રીતે સંગીત સર્જે છે કે બન્ને સ્વરોને ય જાણે ડિસ્ટર્બ ન થાય. બંને પોતાના એકાંતમાં ગાતા હોય ત્યારે બીજું કશું હાજર ન હોવું જોઈએ એવું આ સ્વરાંકનમાં તેઓ મહેસૂસ કરાવે છે.

'મજનૂન' ફિલ્મ ન જોઈ શકયા પણ તે નિમિત્તે જે ગીત રચાયેલું તે સાંભળી શકીએ છીએ.

# 'જહાં ડાલ ડાલ પર સોને કી ચિડીયા કરતી હે બસેરા'ના સંગીતકાર હંસરાજ બહલનો પણ જમાનો હતો



'દેશપ્રેમથી ભર્યા ભર્યા હિન્દી ફિલ્મના ગીતમાં એક છે 'જહાં ડાલ ડાલ પર સોને કી ચિડીયા કરતી હૈ બસેરા, વો ભારત દેશ હે મેરા... વો ભારત દેશ હૈ મેરા...' અહહા, શું ગીત છે. આપણી ભીતર દેશપ્રેમ અને દેશની પરંપરા પ્રત્યે હૈયું ઉછળી આવે છે. આટલા યાદગાર, બેમિસાલ ગીતના સંગીતકાર કોણ એવું કોઈને પૂછો તો કદાચ બહુ ઓછા લોકો જવાબ આપી શકશે. પણ જવા દો. 'એ મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભર લો પાની, જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની' ગીત લતાજીએ ગાયું છે તેવું બધા કહી શકશે પણ તેના સંગીતકાર કોણ તે બહુ ઓછા કહી શકશે. સી. રામચન્દ્રને જો 'એ મેરે વતન કે લોગો...'ના સંગીતકાર તરીકે લોકો ભુલી જતા હોય તો 'જહાં ડાલ ડાલ પર સોને કી ચિડીયા કરતી હે બસેરા..'ના સંગીત માટે કોઈ હંસરાજ બહલને યાદ ન કરે તો શું અફસોસ કરવો! પણ એ ગીત હંસરાજ બહલે 1965ની 'સિકંદર એ આઝમ' ફિલ્મ માટે બનાવેલું. એ ફિલ્મ આજે બહુ ઓછાને યાદ હશે પણ ગીત બધાને યાદછે. એ કમાલ હંસરાજ બહલની પછી ગીતકાર રાજેન્દ્ર કૃષ્ણની અને મોહમ્મદરફીની.

સમયની સાથે ઘણું બધું ભુલાતું જાય છે અને આજે ઉત્તમ સંગીતને ચાહનારો વર્ગ ઓછો થયો છે ત્યારે તો એવી ફરિયાદ કરવાનો અર્થ પણ નથી બાકી હંસરાજ બહલ એ સંગીતકાર છે જેમણે આશા ભોસલે પાસે તેમની પાર્શ્વ ગાયિકા તરીકેની કારકિર્દીનું પ્રથમ એકલ ગીત ગવડાવેલું. આશાજીનું પ્રથમ ફિલ્મી ગીત 'સાવન આયા આયા રે' હતુન જે 1948ની 'ચુનરિયા' ફિલ્મનું છે અને તે ઝોહરાબાઈ અને ગીતા રોય સાથે ગાયેલું. હંસરાજ બહલે 'રાત કી રાની' માટે આશાજી પાસે ગીત ગવડાવ્યું તે એક ઐતિહાસિક આરંભ કહેવાય. જો કે તેઓ લતાજીને જ સર્વોત્તમ માનતા હતા અને આ યુગની સરસ્વતી કહી ઓળખાવતા હતા. લતાજી પાસે તેમણે'હાય જિયા રોયે' ગીત ગવડાવેલું અને તે હંસરાજ બહલનું ઉત્તમોત્તમ સ્વરાંકન ગણાય છે.

મ્યુઝિકલી યૉર્સ

19 નવેમ્બર 1916માં અંબાલામાં જન્મેલા હંસરાજ બહલે સંગીતનું શિક્ષણ પામ્યા પછી લાહોરના અનારકલી બજારમાં પોતાની સંગીત સ્કુલ શરૂ કરેલી અને સંગીતના કાર્યક્રમો પણ કરતા. H.M.Vએ તેમના બીન ફિલ્મી ગીતોની રેકોર્ડ પણ બહાર પાડેલી. હંસરાજ બહલને થયું કે મારે મુંબઇ જવું જોઇએ કે જયાં સિનેમા સંગીતમાં ઘણું કામ થઇ શકે અને સારા પૈસાપ મળશે. મુંબઇ આવ્યા તો બોમ્બે ટોકિઝમાં તેમની ટ્રાયલ લેવામાં આવી અને પ્રકાશ પિકચર્સની એક ફિલ્મમાં ગોવિંદરામના સહાયક તરીકે કામ પણ કર્યું. પૃથ્વીરાજ કપૂરને તેમની પ્રતિભાનો પરિચય થયો અને 'પુજારી' નામની ફિલ્મમાં સંગીતકાર તરીકેની પહેલી તક અપાવી. એ ફિલ્મમાં બેબી મુમતાઝ તરીકે ભવિષ્યની મધુબાલા કામ કરતી હતી. એ મધુબાલા પાસે તેમણે 'ભગવાન મેરે જ્ઞાન કે દીપક જલા દે' ગીત ગવડાવ્યું. આ હંસરાજ બહલે મીનાકુમારી પાસે પણ 'દુનિયા એક સરાય' ફિલ્મમાં એક ગીત ગવડાવેલું. હંસરાજ બહલની બીજી જ ફિલ્મ 'ગ્વાલન' છે અને તેમાં તેમણે મુકેશ અને સુશીલા રાની પાસે 'લગત નજર તોરી છલીયા મોરે ગોરે બદલ કો' ગવડાવેલું. આ સુશીલા રાની પછી ફિલ્મ ઈન્ડિયા નામના ચર્ચીત ફિલ્મ સામયિકના બહુચર્ચીત સંપાદક બાબુરાવ પટેલને પરણેલી.

હંસરાજ બહલ બહુ ઓછો સમયમાં મોટી પ્રતિષ્ઠા પામેલા અને રણજીત મુવીટોનની ફિલ્મોમાં સંગીત આપતા હતા. હિન્દી નહીં પંજાબી ફિલ્મોમાં પણ સંગીત આપવાનું થયું તો લતા મંગેશકર પાસે તેમનું (કદાચ) પહેલું પંજાબી ગીતપણ ગવડાવેલું. હંસરાજ બહલનાબધા ગીતો તો આજે કોઇક જ સાંભળશે પણ 'ચુનરિયા'માં લતાજીએ જે 'દિલે નાશાદ કો જીને કી હસરત હો ગઇ તુમસે' ગીત ગાયેલું એજ ધૂન પરથી લક્ષ્મીકાંત પ્યારેલાલે 'જીવન મૃત્યુ'માં 'જમાને મેં અજી એૈસે નાદાન હોતે હે' ગીત બનાવેલું. હંસરાજ બહલે લતાજી, આશાજી જ નહીં રફી સહિતના ગાયકો પાસે શરૂઆતના વર્ષોમાં ગીત ગવડાવ્યા છે. 'ગુણસુનદરી'માન તેમણે મસ્તી ભરેલું 'હોટલ કા કિનારા હો, નજારા પ્યારા પ્યારા હો' ગીત એ.આર. મહેતા અને લીલા મહેતા પાસે ગવડાવેલું તે એ જમાને ગલી ગલીમાં મશહુર થયેલું. તેમણે લતાજી પાસે થોડા યાદગાર ગીત ગવડાવ્યા છે તો રફી પાસે 'જિન રાતો મેં નીંદ ઉડ જાતી હૈ, વો સહર કી રાતેં હોતી હે' ગઝલની શૈલીમાં ગવડાવેલું. હંસરાજ બહલે અનિલ બિશ્વાસ જેવા સંગીતકાર સાથે'બેકસુર સંગીત આપેલું અને 'કનીજ' ફિલ્મનાં સંગીતકાર આમ તો ગુલામ હૈદર હતા પણ થોડા ગીત બનાવ્યા પછી તેઓ પાકિસ્તાન ચાલી ગયા તો હંસરાજ બહલે બાકીનું સંગીત આપેલું. અહીં તેમની દરેક ફિલ્મો અને તેના ગીતોની ચર્ચા કરવાનો અર્થ નથી કારણ કે જૂના સંગીત પ્રેમીઓએ જ તેમને વધારે સાંભળ્યા હશે પણ તેમની ખૂબ ઉલ્લેખનીય ફિલ્મોમાં 'ચંગેઝ ખાં'ને યાદ કરવી જ પડે જેમાં તેમણે રફી સાહેબ પાસે 'મુહબ્બત જિંદા રહેતી હે, મહોબ્બત મર નહીં સકતી..' ગવડાવેલું તે આજે પણ મશહુર છે. એવા લતાજી પાસે ગવડાવેલા ગીતોની સંખ્યા તો મોટી છે અને તેમાં 1958ની 'મિલન'નું 'હાય જિયા રોયે, પિયા નહીં આયે' પણ છે. 'સાવન' ફિલ્મમાં મુકેશ લતાએ 'નૈન દ્વાર સે મન મેં વો આ કે તન મેં આગ લગાયે' ગાયું છે તે પણ સાંભળજો.

હંસરાજ બહલ ખૂબ સારા સંગીતકાર હતા પણ મોટા બેનરની ફિલ્મો તેમને બહુ મળી નહીં. તેઓ આ કારણે જ ભાઇ ગુલશન બહલના નામે એન.સી. ફિલ્મ્સ સ્થાપી ફિલ્મ નિર્માતા બની ગયેલા. સાતમા દાયકા સુધીમાં તો નવા સંગીતકારો સામે તેમને કોઇ પૂછતું નહોતું પણ 'જહાં જહાં ડાલ પર સોને કી ચિડીયા કરતી હે બસેરા' ગીત બનાવ્યું અને ફરી સૌના લોકપ્રિય થઇ ગયા. બાકી સંગીત તો 1975ની 'અલી બાબા' અને 1979ની 'બદમાશોં કે બદમાશ' સુધી આપ્યું છે. પાછલા વર્ષોમાં તેમને કેન્સર થયેલું અને 20 મે 1984માં મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુ પછી 1988માં તેમણે જેમાં સંગીત આપેલું તે 'ઈંસાફ કા ખૂન' પ્રદર્શીત થયેલી. ખેર, હંસરાજ બહલને યાદ કરો તો કેટલાંક ગીત યાદ આવ્યા વિના રહેશે નહીં અને તેમાં 'ભીગા ભીગા પ્યાર કા શમા, બતા દે તુઝે જાના હે કહાં' પણ યાદ આવશે કે રફી શમશાદે ગાયું છે. તેમના આવા ગીતે જે મહોબ્બત અપાવી તે મરી ન શકે. 'મહોબ્બત જિંદા રહેતી હે, મહોબ્બત મર નહીં સકતી.' ●

# ખ્રિસ્તી કુટુંબમાં પ્રેમ-લગનનાં સુખ દુ:ખની મધુર કહાણી 'બાતો બાતો મેં'

આપણી હિન્દી ફિલ્મોમાં દરેક સમાજ-ધર્મના લોકો આવ્યા છે. જો હિન્દુ હોય, મુસ્લિમ હોય, શીખ હોય તો પારસી પણ આવ્યા છે ને ખ્રિસ્તી ધર્મના લોકો પણ આવ્યા છે. એવી ફિલ્મો ઘણા વર્ષ સુધી આવી કે જેમાં જો વિદ્યાર્થી બતાવાય તો તે ખ્રિસ્તી સ્કૂલમાં જ ભણતો હોય અને એટલે અનેક ફિલ્મમાં આપણે 'ફાધર' ને જોયા છે. બાકી ગુરુદત્ત, રાજકપૂર, ઋષિદા, મનમોહન દેસાઈની ફિલ્મોમાં પણ ખ્રિસ્તી ધર્મના લોકો જોયા છે. રાજકપૂરે 'બોબી'માં પ્રેમનાથ-ડિમ્પલ-દુર્ગા ખોટેને ખ્રિસ્તી પરિવારનાં જ બતાવેલા. ખ્રિસ્તી સમાજ બતાવે એટલે ગોવા હોય. ગુરુદત્તની ફિલ્મથી માંડી રોહિત શેટ્ટીની ફિલ્મમાં ગોવા ફેવરીટ રહ્યું છે. મહેમૂદે 'બોમ્બે ટુ ગોવા' ફિલ્મ બનાવેલી અને 'જોહર-મહેમુદ ઈન ગોવા' ફિલ્મ પણ છે. મુંબઈના બાન્દ્રા, ખાર, વસઈમાં કેથોલિક ખ્રિસ્તી સમાજ વસે છે. બાસુ ચેટરજીએ એ સમાજને લઈ 'બાતો બાતો મેં' ફિલ્મ બનાવેલી અને તેમાં 'માય નેમ ઈઝ એન્થની ગોન્સાલ્વિસ..'' ગાનાર અમિતાભ નહીં બલ્કે, 'ઉઠે સબકે કદમ...' ગાનાર અમોલ પાલેકર છે. બાસુ ચેટર્જી હંમેશા મધ્યમવર્ગના પરિવાર અને લાગણીઓને કેન્દ્રમાં રાખીને જ ફિલ્મ બનાવતા અને આ ફિલ્મમાં પણ ખ્રિસ્તી મધ્યમવર્ગના પાત્રો જ છે. સંગીત માટે તેમણે 'જૂલી' કે જેમાં ખ્રિસ્તી કુટુંબ જ હતું, તેમાં સંગીત આપી ચૂકેલા



મુવીટાઇમ

રાજેશ રોશનને લીધા હતા. હિન્દી ફિલ્મમાં મુંબઈ અને તેની લોકલ ટ્રેન ઘણીવાર આવી છે. આ ફિલ્મમાં સવારે કામ પર જતાં મુસાફર તરીકે અમોલ પાલેકર અને ટીના મુનીમ વચ્ચે પ્રેમ થાય છે. અને એ બે ઉપરાંત આ પ્રેમ કહાણીમાં એક પ્રેમાળ વડીલ તરીકે હાજર છે. ડેવિડ- વાત વાતમાં જ પ્રેમ થયો છે. તેમાં કશું જ ડ્રામેટિક કે ફિલ્મી નથી. આખી ફિલ્મમાં ય ફિલ્મી કહેવાય એવું કશું નથી. કોઈ ખલનાયક નહીં કે ઢીસુમ ઢીસૂમ નહીં, સમુદ્ર કિનારે યા સ્વિટ્ઝર્લેન્ડમાં બે પ્રેમીઓ ગીત ગાય એવું ય નહીં. 'યે શાદી નહીં હો શકતી' કહી આડા ફાટતા ને રૂપિયાની થોકડી હીરો સામે ફેંકતા ઉદ્યોગપતિ બાપ નથી. ફિલ્મની વાર્તા પારસી લેખક સી.જે. પાવરીની છે. અમોલ છે ટોની બ્રિગેન્ઝા, ટીના છે નેન્સી પરેરા, ડેવિડ છે ટોમ અંકલ, અસરલી છે. ફ્રાન્સિસ ફર્નાન્ડિસ, પર્લ પદમશી રોમી પરેરા, રંજીત ચૌધરી, સેબી પરેરા, લીલા મિશ્રા, ફીલોમીના આન્ટીને પીલુ વાડિયા છે. મિસીસ બ્રિગેન્ઝા. રોમી પરેરા ચિંતામાં રહેનારી વિધવા છે. તેનો દિકરો હંમેશા વાયોલીન વગાડવામાં ડૂબેલો રહે છે. રોમીને તેની દિકરીને કોઈ પૈસાદાર યુવાન સાથે પરણાવવી છે. બને છે એવું કે બાન્દ્રા-ચર્ચગેટ ટ્રેનમાં નેન્સીને ટોની મળે છે. પણ જ્યારે લગ્નના મામલે મળવાનું થાય છે તો તેનો પગાર ઓછો છે એવું નેન્સીની માને લાગે છે. પણ પછી તે પ્રોબ્લેમ પણ સોલ્વ થઈ જાય છે.

પણ નેન્સીએ એક યુવક સાથે પ્રેમમાં હતી ને તેને દગો થયો છે એટલે ટોની સાથે આગળ વધવા શરૂમાં હિચકિચાહટ છે. રોમીને પણ લાગે છે કે આ ટોની લગ્ન નહીં કરશે. વાત જ્યારે બગડે છે તો ટ્રેનમાં મળવાનું ય બંધ થઈ જાય છે. પણ એ સમસ્યા ધીમે રહીને ઉકલી જાય છે અને વાત લગ્ન સુધી પહોંચે છે આ કથા સારા ગીતોથી આગળ વધી છે. યોગેશે 'કહા તક યે મન કો અંધેરે છલેંગે' અને ' ના બોલે તુમ, ના મૈને કુછ કહા' ગીત લખેલા. 'કહા તક યે મનકો..' કિશોર કુમારે ગાયેલુ યાદગાર ગીત છે. બીજુ ગીત આશા ભોંસલે અને અમિતકુમારે ગાયેલું. અમિત ખન્નાએ 'સુનિયે કહીયે.. કહેતે સૂનતે બાતા બાતો મેં પ્યાર હો જાયેગા' ગીત લખેલું જે કિશોર- આશાએ ગાયેલું અને 'ઉઠે સબ કે કદમ ' ગીત પણ અમિત ખન્નાનું છે જે લતાજી અને અમિતકુમારે ગાયેલું. ગીત-સંગીતના કારણે આખી ફિલ્મ વધુ સરસ લાગે છે. બાસુ ચેટર્જીએ મુંબઈ, ત્યાંની લોકલ ટ્રેન અને ખ્રિસ્તી સમાજને સરસ રીતે ફિલ્મમાં ઢાળ્યો છે. ●

# રાજેન્દ્રકુમાર, રાજેશ ખન્ના અને 'ડિમ્પલ'

રાજેન્દ્રકુમાર એક સમયે અત્યંત સફળ ફિલ્મ સ્ટાર હતા અને તેમની ફિલ્મો સિલ્વર જયુબિલી જ થતી. એ જમાને આટલી ગેરંટી ફકત રાજેન્દ્રકુમારની ફિલ્મો જ આપી શકતી પણ રાજેન્દ્રકુમાર પોતાના દિકરાને સફળ બનાવવાના પ્રયત્નમાં નિષ્ફળ ગયા. આ

> 'ડિમ્પલ' નામના બંગલાને રાજેશ ખન્નાએ આશીર્વાદ નામ આપ્યું અને એ 'આશીર્વાદ'માં ડિમ્પલ પત્ની તરીકે આવી



કિસ્સા કહાનીકા

રાજેન્દ્રકુમારે બીજાને નિર્માતા બનવામાં પણ મદદ કરી છે. રાજેન્દ્રકુમારની પત્નીના એક નજીકના સગા હતા રમેશ બહેલ તેમને 'ધ ટ્રેન'થી નિર્માતા બનાવનાર રાજેન્દ્રકુમાર છે. સંજોગ જુઓ કે 'ધ ટ્રેન'ના હીરો રાજેશ ખન્નાએ જ પછીના વર્ષોમાં રાજેન્દ્રકુમારનો બંગલો ખરીદ્યો જેનું નામ 'ડિમ્પલ' હતું. 'ડિમ્પલ' નામના બંગલાને રાજેશ ખન્નાએ આશીર્વાદ નામ આપ્યું અને એ 'આશીર્વાદ'માં ડિમ્પલ પત્ની તરીકે આવી. આ બંગલો રાજેશ ખન્નાએ ખરીદ્યો છે એમ કહેવા કરતાં 'ધ ટ્રેન'માં કામ કરવાની ફી રૂપે મળ્યો છે એમ કહી શકાય. એ બંગલામાં રહેનાર રાજેન્દ્રકુમાર પણ સૌથી સફળ સ્ટાર હતા અને પછી રાજેશ ખન્ના પણ સુપરસ્ટાર તરીકે ત્યાં રહ્યા. અમુક બંગલાઓનું એવું હોય છે. ●